કરેલ છે તેમણે આ બાબતે હાઉસિંગ બોર્ડની કચેરી ને ચાર વખત ફ્લેટ બદલી આપવા રજૂઆત કરેલ છે પરંતુ હજુ સુધી કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાથી તેમણે તેમની ફરિયાદ ઓથોરીટી સમક્ષ રજૂ કરેલ છે.

(૨) સામાવાળાએ એવી રજૂઆત કરેલ છે કે જે તે વખતે ફ્લેટ ફાળવણી બદલી માટે જે નિયમો અસ્તિત્વમાં હતા તે નિયમો 2017 થી બંધ કરવામાં આવેલ છે તેના સમર્થનમાં તેમણે નાયબ કમિશનર ગુજરાત હાઉસિંગ બોર્ડ અમદાવાદ નો તા. ૧૩/૧૧/૨૦૧૭ નો પત્ર સામેલ રાખેલ છે જે મુજબ જે લાભાર્થીઓએ સો ટકા રકમ તથા ટ્રાન્સફર ફી ભરેલ હોય તેમને શરતોને આધિન ફ્લેટ બદલી આપવા નીતિ-નિયમો અમલમાં આવેલ હાલ આ નીતિ નિયમોનો અમલ બંધ કરવામાં આવેલ હોવાનું જાગીર વ્યવસ્થાપકશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડ તરફથી રૂબરૂમાં જણાવેલ.

(૩) સુનાવણી દરમ્યાન ગુજરાત હાઉસીંગ બોર્ડ તરફથી ધ્યાન પર મૂકવામાં આવેલ છે કે ફરિયાદીએ માત્ર 20 % પેમેન્ટ ભરેલ છે તથા ટ્રાન્સફર ફી પણ ભરેલ નથી. જેથી ઉપરના પત્ર મુજબ પણ ફરિયાદીની માંગણી સ્વીકારી શકાય તેમ નથી.

હાઉસિંગ બોર્ડ ના પ્રવર્તમાન નિયમો મુજબ અરજદાર ની માગણી સ્વીકારી શકાય તેમ હોય તો જાગીર વ્યવસ્થાપક દ્વારા વડી કચેરીને અરજી મોકલી આપવા સૂચના આપવામાં આવે છે. ફરિયાદીએ એમ આઈ જી વન ને બદલે એમ આઈ જી ટુ મા ફ્લેટ બદલી શકાય તેમ હોય તો તે માટે પણ વિનંતી કરેલ છે જે અંગે હાઉસિંગ બોર્ડે શક્યતા તપાસી લેવા સુચના આપવામાં આવે છે. ફરિયાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

શ્રી પી.જે.પટેલ
મેમ્બર -૧

ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ
ગુજરેરા

ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ
મેમ્બર -૨

6/9/18